PGVCL PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/કવા-૦૪/૧૮-૧૯/ 7328-1 તા. 27-3-19

રજી. એડી પત્ર

પ્રતિ,
ધરમશીભાઈ ગોવિંદભાઈ ડાવરા,
ગામ- જાંબાળા
તાલુકો વિસાવદર,
જીલ્લો – જુનાગઢ
પીનકોડ-362001
**મો:94 28 95 32 93**

**વિષય :–વીજ અકસ્માત ન થાય તે માટે મેન્ટેનન્સ કરી આપવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૯-૦૧-૧૯ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૧/કવા-૦૪/૧૮-૧૯)**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)** 4C

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં-૨, વિસાવદર**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/કવા–૦૪/૧૮–૧૯/ 2382-1 તા. 27-3-19.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૧/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: ધરમશીભાઈ ગોવિંદભાઈ ડાવરા
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: **કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**
રજૂઆત કરનાર: **બી.ડી.પરમાર – નાયબ ઈજનેર (ટેક) – ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ હાજર રહેલ છે.**

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ., વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૧૯/૦૩/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ. અનીવાર્ય સંજોગોના હિસાબે મીટીંગ ને મુલ્તવી કરવી પડેલ હતી. જેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ધરમશીભાઈ ગોવિંદભાઈ ડાવરા ગામ:જાંબાળા તેઓની અરજી ના નોંધણી નંબર :૩૧/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ જાંબુળા ગામે ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદાર ની રજુઆત મુજબ – હૈયાત વીજલાઈન ખૂબજ જર્જરીત થયેલ હોય તે અંગે ની રજુઆત પેટા વીભાગીય કચેરી નં–૨, વિસાવદર મા તા.૧૭–૧૨–૧૮ ના રોજ કરાયેલ હોય – તેમ છતા કોઈપણ જાતની કામગીરી કરાયેલ નથી. જેથી, કોઈપણ અકસ્માત થાય તે પહેલા યોગ્ય કામગીરી કરાવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજુઆત પેરા નં. – ૨.૧ના અનુસંધાને – ગ્રામ્ય વિભાગીય કચેરી નં.–૧ જુનાગઢના ઈ–મેઈલ તા.૨૨–૦૨–૧૯ મુજબ – પીજીવીસીએલ દ્વારા જરૂરી વીજલાઈન સમારકામ ની કામગીરી પૂર્ણ કરેલ હોય – જે અન્વયે અરજદાર દ્વારા તેઓના લેખીત સંમતીપત્ર મા જણાવેલ કે – સદર જરૂરી કામગીરી સંતોષકારક કરેલ છે. તેમજ તેઓને કોઈપણ પ્રકારની ફરીયાદ કે પ્રશ્ન રહેતો નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને ૨.૧ મુજબ અરજદાર ના ખેતીવાડી વીજજોડાણની વીજલાઈન ખૂબજ જર્જરીત થયેલ હોય વીજસમારકામ સમયસર ન થતા – લેખિતમાં રજૂઆત કરેલ જે અનુસંધાને પેરા નં ૩.૦ માં જણાવ્યા મુજબ- પીજીવીસીએલ દ્વારા જરૂરી વીજલાઈન સમારકામ ની કામગીરી પૂર્ણ કરેલ હોય, તે બાબતે અરજદારની લેખીત રજૂઆત મુજબ કોઈપણ પ્રકારની ફરીયાદ કે પ્રશ્ન રહેતો નથી.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(બી.બી. પારેખ)
ચેરપર્સન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન. ડી. ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ